# 24

**બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહારના પેકેટ**

*15/4/2003 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ પ્રીમીક્ષ પેકેટનો કોન્ટ્રાક્ટ કઈ એજન્સીને આપવામાં આવેલ છે , | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ ટેક હોમ રેશનના પેકેટનો કોન્ટ્રાક્ટ ગુજરાત રાજ્યના વિશ્વ વિખ્યાત સહકારી માળખા ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન હેઠળ આવતા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘો અમુલ, સુમુલ અને બનાસને આપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત કોન્ટ્રાક્ટ ક્યારે અને કેટલી મુદત માટે આપવામાં આવ્યો છે, | (૨) | સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૯/૨૦૧૭થી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને સમગ્ર રાજ્યમાં આગામી ૧૦ વર્ષ સુધી ટેક હોમ રેશનના ઉત્પાદન તથા વિતરણની કામગીરી સોંપવા માટે અગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ એક પ્રીમીક્ષ પેકેટની કિંમત કેટલી ચૂકવવામાં આવે છે અને પેકેટમાં કયા પ્રકારનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવે છે, અને | (૩) | બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિના પેકેટ આપવમાં આવે છે. આ એક પેકેટ ૫૦૦ ગ્રામનું છે. એક પેકેટની કિંમત રૂ. ૩૦.૨૫ છે. (જે મુજબ ૧ કિલો ટેક હોમ રેશનની કીંમત રૂ. ૬૦.૫૦ થાય)<br>○ ૬ માસથી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને એક માસના ૭ પેકેટ (૩.૫ કિલો),<br>○ ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને એક માસના ૧૦ પેકેટ (૫ કિલો),અને<br>○ ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને આંગણવાડીના ગરમ આહાર ઉપરાંત એક માસના ૪ પેકેટ (૨ કિલો) આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જથ્થા પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) | ઉક્ત સ્થિતિએ ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ચૂકવણું કરવામાં આવેલ છે.<br>○ જાન્યુઆરી–૨૦૨૨ થી ડિસેમ્બર–૨૦૨૨માં ૩.૪૫૫.૭૫ કરોડ<br>○ જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩માં ૩.૪૨૬.૮૧ કરોડ |

-----------------------------------------